મુસાફરોને એક ચોક્કસ ચેનલ દ્વારા જ પ્લેટફોર્મ સુધી પ્રવેશ આપવામાં આવશે

શનિ-રવિવારે ઉધના સ્ટેશન પર ટેન્શન

આ વખતે 2 કિમી લાંબી કતારોને ખાળવા બેરિકેડિંગ, મુસાફરો માટે વિશાળ પંડાલ

ભારે ધસારાની શક્યતાને કારણે વધુ સ્પેશિયલ ટ્રેન દોડાવવા આયોજન

સુરતઃ સુરતમાં ઉનાળાના વેકેશનની સત્તાવાર શરૂઆત થતાની સાથે જ પરપ્રાંતિયોએ વતનની વાટ પકડી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્તર પ્રદેશ અને બિહાર તરફ જતી ટ્રેનોમાં કીડિયારું ઉભરાયું છે. ગત 19 એપ્રિલ, રવિવારના રોજ ઉધના રેલવે સ્ટેશન પર જે રીતે અરાજકતા અને નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ હતી, તેનાથી બોધપાઠ લઈને પશ્ચિમ રેલવે હવે સંપૂર્ણ 'એક્શન મોડમાં આવ્યું છે. આગામી 26 એપ્રિલના રોજ ભીડનો રેકોર્ડ તૂટવાની શક્યતાને જોતા રેલવે વહીવટીતંત્ર દ્વારા અત્યારથી જ યુદ્ધના ધોરણે તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

ભૂતકાળના કડવા અનુભવ થી તંત્ર એલર્ટ મોડમાં આવ્યું છે ગત રવિવારે ઉધના સ્ટેશન પર સ્થિતિ એટલી હદે બેકાબૂ બની હતી કે સ્ટેશનના પ્રવેશદ્વારથી લઈને બહારના મુખ્ય રસ્તાઓ સુધી અંદાજે બે કિલોમીટર લાંબી કતારો જોવા મળી હતી. આકરી ગરમી અને અસહ્ય ભેજ વચ્ચે મહિલાઓ, માસૂમ બાળકો અને વૃદ્ધો કલાકો સુધી ખુલ્લા આકાશ નીચે શેકાયા હતા. ભીડ પ્રચંડ હોવાને કારણે અનેક મુસાફરોની તબિયત લથડી હતી અને પોલીસને પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. આ ગંભીર ઘટના બાદ રેલવે વહીવટીતંત્રે ઊંઘમાંથી જાગીને તાત્કાલિક અસરથી માળખાગત સુવિધાઓ વધારવાનો નિર્ણય લીધો છે. સુરતમાં અત્યારે પારો 40 ડિગ્રીને પાર કરી રહ્યો છે, ત્યારે મુસાફરોને સૂર્યના સીધા તાપથી બચાવવા માટે સ્ટેશન પરિસરમાં મોટા પાયે પંડાલ (ડોમ) બનાવવામાં આવી રહ્યા છે. હાલમાં સ્ટેશનની પૂર્વ બાજુએ એક વિશાળ પંડાલ નું કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. રેલવેના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા મુજબ, જો ભીડ વધશે તો પશ્ચિમ બાજુએ પણ પંડાલનું વિસ્તરણ કરવામાં આવશે જેથી મુસાફરો છાંયડામાં રહીને પોતાની ટ્રેન ની પ્રતીક્ષા કરી શકે. ભીડ અચાનક પ્લેટફોર્મ પર ધસી ન જાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્ટેશનના સર્ક્યુલેટિંગ એરિયામાં મોટી સંખ્યામાં લોખંડના અવરોધો (બેરિકેડ્સ) સ્થાપિત કરવામાં આવ્યા છે. મુસાફરોને એક ચોક્કસ ચેનલ દ્વારા જ પ્લેટફોર્મ સુધી પ્રવેશ આપવામાં આવશે, જેથી ધક્કામુક્કી ટાળી શકાય. આરપીએફ (RPF) અને જીઆરપી (GRP) ના જવાનોને 24 કલાક તૈનાત રહેવા આદેશ અપાયા છે. રેલવે અધિકારીઓએ સ્ટેશન પર પીવાના પાણીની પર્યાપ્ત સુવિધા સુનિશ્ચિત કરવા સૂચના આપી છે. વધારાના વોટર વેન્ડિંગ મશીન અને પાણીની પરબ સક્રિય કરવામાં આવી છે. આ ઉપરાંત, મુસાફરોની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને 'પે-એન્ડ-યુઝ'શૌચાલય ની સંખ્યા અને તેની સ્વચ્છતા જાળવવા માટે વધારાના સફાઈ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે.વધતા ટ્રાફિકને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવે દ્વારા નિયમિત અંતરે સમર સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. જોકે,ગત ગુરુવારે મુસાફરોની સંખ્યામાં સાધારણ ઘટાડો નોંધાતા એક અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન રદ કરવી પડી હતી. તેમ છતાં, રેલવે સૂત્રોનું કહેવું છે કે25 અને 26 એપ્રિલ ફરીથી મોટું 'રશ'થવાની પ્રબળ શક્યતાછે, જેના માટે તમામ રિઝર્વ અને અનરિઝર્વ્ડ ટ્રેનોને તૈયાર રાખવામાં આવી છે.

RTEની ૧૩,૨૮૪ બેઠક સામે અધધધ ૩૪,૦૯૩ અરજી આવી

૪ મેના પ્રથમ રાઉન્ડ પહેલા જ સુરતમાં માંગ વધી

શહેર અને ગ્રામ્ય મળીને ૪૩ હજારથી વધુ ફોર્મ ભરાયાં

પ્રક્રિયા હવે મહત્ત્વના તબક્કામાં

હાલ જિલ્લા કક્ષાએ ૨૫ એપ્રિલ સુધી ફોર્મ ચકાસણી પૂર્ણ કરવામાં આવશે. અમાન્ય ફોર્મ ધરાવતા અરજદારોને ૨૭થી ૨૯ એપ્રિલ દરમિયાન જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાની પુનઃ તક આપવામાં આવશે. ત્યારબાદ ૨૭થી ૩૦ એપ્રિલ દરમિયાન પુનઃ ચકાસણી થશે. આ તમામ પ્રક્રિયા બાદ ૪ મે, ૨૦૨૬ના રોજ પ્રથમ રાઉન્ડ જાહેર થશે, જેમાં પસંદગી પામનાર વિદ્યાર્થીઓને શાળાઓ ફાળવવામાં આવશે.

સુરતઃ રાઈટ ટુ એજ્યુકેશન (RTE) હેઠળ ધોરણ-૧માં પ્રવેશ માટે આ વર્ષે સુરતમાં નોંધપાત્ર પ્રમાણમાં અરજીઓ નોંધાતા બેઠકો સામે સ્પર્ધા વધુ કઠિન બનવાની સંભાવના ઊભી થઈ છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારો મળીને કુલ ૪૩,૬૦૧ ફોર્મ ભરાયા છે, જ્યારે ઉપલબ્ધ બેઠકોની સંખ્યા તેના કરતાં ઘણી ઓછી છે. સુરત શહેરમાં ૩૪,૦૯૩ અરજીઓ સામે માત્ર ૧૩,૨૮૪ બેઠકો ઉપલબ્ધ છે, એટલે કે દરેક બેઠક માટે સરેરાશ બે કરતાં વધુ અરજદારો વચ્ચે સ્પર્ધા રહેશે. શહેરમાં અત્યાર સુધી ૨૬,૨૧૯ ફોર્મ મંજૂર થયા છે, જ્યારે ૫૬૩ ફોર્મની ચકાસણી હજુ બાકી છે. બીજી તરફ, ગ્રામ્ય વિસ્તારોમાં ૯,૫૦૮ અરજીઓ સામે ૩૬૫૧ બેઠકો ઉપલબ્ધ છે. જેમાંથી ૬૦૪૯ ફોર્મ મંજૂર થયા છે અને ૧૧૪ ફોર્મ ચકાસણી હેઠળ છે. આ આંકડા દર્શાવે છે કે ગામડાઓમાં પણ આરટીઇ હેઠળ પ્રવેશ મેળવવાની માંગ સતત વધી રહી છે. રાઈટ ટુ એજ્યુકેશન, ૨૦૦૯ અંતર્ગત નબળા અને વંચિત વર્ગના બાળકોને ખાનગી શાળાઓમાં ૨૫ ટકા ક્વોટા હેઠળ મફત શિક્ષણ આપવામાં આવે છે. આ વર્ષે ૪ એપ્રિલથી શરૂ થયેલી અરજી પ્રક્રિયાને વધારાની તક આપતા ૨૩ એપ્રિલ સુધી લંબાવવામાં આવી હતી, જેના કારણે વધુ માતા-પિતાએ અરજી કરી છે. આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે આરટીઇ હેઠળ મફત શિક્ષણ મેળવવા માટે માતા-પિતામાં જાગૃતિ વધી રહી છે, પરંતુ મર્યાદિત બેઠકોને કારણે અનેક અરજદારોને પ્રથમ રાઉન્ડમાં નિરાશા પણ મળી શકે છે.

ગુજરાતમાં આગામી 7 દિવસ માટે ગરમીનું યલો એલર્ટ

તાપમાનનો પારો 43° ડિગ્રી સેલ્સિયસ પર પહોંચશે

24 કલાકમાં પારો 3 ડિગ્રી સુધી વધી શકે

સુરતનું તાપમાન ૩૯.૮ ડિગ્રી યથાવત

સુરતઃ સુરત શહેરમાં ઉનાળાની ગરમીનો પ્રકોપ યથાવત્ રહ્યો છે. આજે મહત્તમ તાપમાન ગઈકાલ જેટલું જ ૩૯.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન આંશિક વધીને ૨૫.૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. દિવસભર ગરમ અને સૂકા વાતાવરણને કારણે શહેરીજનોએ કાળઝાળ ગરમીનો અહેસાસ કર્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ હવામાં માત્ર ૨૩ ટકા ભેજ નોંધાતા ગરમીનો પ્રભાવ વધુ તીવ્ર અનુભવાયો હતો. સાથે જ ઉત્તર-ઉત્તર-પૂર્વ દિશામાંથી આશરે ૬ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા તાપમાનમાં કોઈ ખાસ રાહત મળી નહોતી. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ત્રણ દિવસ દરમિયાન શહેરમાં હીટવેવ જેવી સ્થિતિ યથાવત્ રહેવાની શક્યતા છે.

અમદાવાદ : રાજ્યમાં ઉનાળાની ગરમીનો પ્રભાવ યથાવત જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે રાજ્યના અનેક શહેરોમાં ઊંચું મહત્તમ તાપમાન નોંધાયું છે. ખાસ કરીને અમરેલી, સુરેન્દ્રનગર અને અમદાવાદમાં 41 ડિગ્રી સેલ્સિયસ સુધી તાપમાન પહોંચ્યું હતું, જ્યારે રાજકોટ, ગાંધીનગર અને સુરતમાં 40 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર , અન્ય શહેરોમાં ભૂજમાં 37C, નલિયામાં 34C, કંડલા પોર્ટ પર 36C અને કંડલા એરપોર્ટ પર 38C નોંધાયું હતું. ભાવનગરમાં 38 C, પોરબંદરમાં 33 C, મહુવામાં 35 C, કેશોદમાં 37 C, ડીસામાં 37 C, વલ્લભ વિદ્યાનગર અને વડોદરામાં 39 C તેમજ દમણમાં 36C તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગ મુજબ આગામી 24 કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદના 3 દિવસ દરમિયાન તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે.ખાસ કરીને 24 અને 25 એપ્રિલ દરમિયાન સાઉરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતના કાંઠાકાંઠા વિસ્તારોમાં ગરમ અને ભેજયુક્ત હવાની અસર વધશે, જેના કારણે લોકોને અસહ્ય ઉકળાટનો અનુભવ થઈ શકે છે.

અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે આગાહી મુજબ આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેશે અને મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની શક્યતા છે. હાલમાં પશ્ચિમી વિક્ષેપ (Western Disturbance) અને દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન તથા પાકિસ્તાન સરહદ પર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયેલું છે. સાથોસાથ રાજસ્થાનથી અરબી સમુદ્ર સુધી ગુજરાત પરથી એક ટ્રફ લાઈન પણ પસાર થઈ રહી છે, જેની અસર હેઠળ હવામાનમાં આ ફેરફારો જોવા મળી રહ્યા છે.

સુરત જિલ્લામાં તાલુકા સ્તરે ૨૪ કલાક ચૂંટણીનું મોનિટરિંગ

ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે, સાથે જ સીસીટીવી કેમેરા દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે

સુરતઃ સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી-૨૦૨૬ને ધ્યાનમાં રાખીને સુરત જિલ્લામાં ચૂંટણી તંત્રે માત્ર લોજિસ્ટિક્સ જ નહીં પરંતુ મોનીટરીંગ સિસ્ટમને પણ મજબૂત બનાવતા તાલુકા સ્તરે કંટ્રોલ રૂમ સક્રિય કર્યા છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની ચૂંટણી પ્રક્રિયા પારદર્શક અને સુવ્યવસ્થિત રીતે પાર પાડવા માટે આ વ્યવસ્થાઓને કેન્દ્રસ્થાને રાખવામાં આવી છે.

ચૂંટણી કામગીરીને ગતિ આપવા માટે દરેક તાલુકા મથકે રિસિવિંગ-ડિસ્પેચિંગ સેન્ટરો સાથે કંટ્રોલ રૂમ તૈયાર કરવામાં આવ્યા છે. આ કંટ્રોલ રૂમો ૨૪ કલાક કાર્યરત રહી ચૂંટણી સંબંધિત દરેક હલચલ પર નજર રાખશે, જેના કારણે કોઈપણ પરિસ્થિતિમાં તાત્કાલિક પ્રતિસાદ આપવો સરળ બનશે. ચોર્યાસી તાલુકા માટે ભરથાણા વેસુ ખાતે નવ નિર્માણ વિદ્યાલય અને ઓલપાડ તાલુકા માટે પી.કે. દેસાઈ કેળવણી મંડળની કોલેજ ખાતે મુખ્ય કેન્દ્રો કાર્યરત રહેશે. કામરેજમાં રામ કબીર શૈક્ષણિક સંકુલ, બારડોલીમાં અસ્તાન કન્યા વિદ્યાલય અને પલસાણામાં ડી.બી. હાઈસ્કૂલ સહિતના સ્થળોએ ચૂંટણી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

અંબિકા અને મહુવા તાલુકા માટે કાછલની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, માંડવી માટે બી.બી. અવિચળ કોલેજ, માંગરોળમાં એસ.પી.એમ. મદ્રેસા હાઈસ્કૂલ કેમ્પસ અને ઉમરપાડા ખાતે આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં પણ સેન્ટરો કાર્યરત કરવામાં આવ્યા છે. અહીંથી મતદાન ટુકડીઓને ઈવીએમ મશીનો અને અન્ય જરૂરી સામગ્રી આપવામાં આવશે તથા મતદાન બાદ સુરક્ષિત રીતે પરત લેવામાં આવશે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડૉ. સૌરભ પારધીના માર્ગદર્શન હેઠળ તમામ કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. સાથે જ સીસીટીવી કેમેરા દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે, જેથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ અને પારદર્શક રીતે પૂર્ણ થાય.

સાયબર ફ્રોડમાં ડિટર્જન્ટ પાઉડરનો વેપારી સહિત બે પકડાયા

સુરત : સાયબર ફ્રોડમાં પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે. પકડાયેલો હાર્દિક લાલજીભાઈ ધોળકીયા (ઉ.વ. ૨૬, કેમ્પા એનર્જી ડ્રિંકનું માર્કેટિંગનું કામ કરે છે), જે મૂળ બોટાદનો વતની છે અને હાલ કઠોદરા ખાતે રહે છે.જ્યારે દર્શ મહેશભાઈ કાત્રોડીયા (ઉ.વ. ૨૩, ડિટર્જન્ટ પાવડરનો વેપારી છે): જે મૂળ ગારીયાધારનો વતની છે અને હાલ સારોલી ખાતે રહે છે. તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલા આરોપીઓના ઈન્ડસઈન્ડ બેંકના એકાઉન્ટમાં ફરિયાદીના રૂ. ૧,૨૬,૧૦૫/- ટ્રાન્સફર થયા હતા. આ રકમ તેઓએ ATM અને ચેક મારફતે ઉપાડી લીધી હતી. આટલું જ નહીં, આરોપીઓએ પોતાની બેંક કીટ નાસતા ફરતા અન્ય સાયબર ફ્રોડ કરનારાઓને પણ આપી હતી. નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર તપાસ કરતા આ એકાઉન્ટ્સ અન્ય ૦૬ ફરિયાદોમાં પણ સંડોવાયેલા હોવાનું જાણવા મળ્યું છે.

તસ્કરો અબ્રામાના મહાદેવ મંદિરની દાનપેટી ચોરી ગયા

સુરત : અબ્રામા ગામમાં આવેલા સુપ્રસિદ્ધ અંબરીશ્વર મહાદેવ મંદિરને તસ્કરોએ નિશાન બનાવ્યું હોવાની ઘટના સામે આવી છે.

અબ્રામા ગામમાં રહેતા અને ખેતીકામ કરતા મેહુલભાઈ ઉત્તમભાઈ પટેલે આ મામલે ફરિયાદમાં જણાવ્યું છે કે, ગત તા. ૧૯/૦૪/૨૦૨૬ના રોજ વહેલી સવારે પોણા પાંચ વાગ્યાના સુમારે મંદિરના પૂજારી પરેશભાઈ ગોસાઈએ મેહુલભાઈને ફોન કરી જાણ કરી હતી કે મંદિરમાં ચોરી થઈ છે. મેહુલભાઈએ સ્થળ પર જઈ તપાસ કરતા મંદિરના ગર્ભગૃહના લાકડાના દરવાજાનો નકુચો તૂટેલી હાલતમાં જોવા મળ્યો હતો અને અંદર રાખેલી દાનપેટી ગાયબ હતી. બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતા કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. મંદિરના સીસીટીવી ફૂટેજ તપાસતા જાણવા મળ્યું હતું કે, રાત્રિના ૦૧:૦૦ થી ૦૧:૧૫ વાગ્યાના અરસામાં ૪ લોકો મોઢા પર રૂમાલ બાંધેલા હતા અને ચડ્ડી પહેરેલી હતી, તેઓ મંદિર પરિસરમાં પ્રવેશ્યા હતા. આ શખ્સો પૈકી બે જણાએ ગર્ભગૃહનો નકુચો તોડી દાનપેટી ઉપાડી લીધી હતી. ફરિયાદીના જણાવ્યા અનુસાર, ચોરાયેલી દાનપેટીમાં આશરે ૮,૦૦૦ થી ૧૦,૦૦૦ ની રોકડ રકમ હોવાનો અંદાજ છે. ગામના અગ્રણીઓ સાથે વિચારણા કર્યા બાદ આખરે આ મામલે ઉત્રાણ પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી આધારે તપાસ શરૂ કરી છે.

ઉધનાથી બિહાર માટે બે અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન

બિહાર તરફ જતી ટ્રેનોમાં જોવા મળતી ભીડમાં ઘટાડો થશે

સુરતઃ ઉનાળાની રજાઓ અને તહેવારોના કારણે રેલવેમાં વધતી જતી ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે ઉધના અને દાનાપુર વચ્ચે બે જોડી સ્પેશિયલ અનરિઝર્વ્ડ (અનારક્ષિત) ટ્રેનો દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાના જણાવ્યા અનુસાર, આ ટ્રેનો સંપૂર્ણપણે સ્પેશિયલ ભાડા સાથે દોડશે જેનો લાભ હજારો પરપ્રાંતીય શ્રમિકો અને મુસાફરોને મળશે.આ વધારાની ટ્રેનો દોડવાથી સુરત અને ઉધના સ્ટેશન પર બિહાર તરફ જતી ટ્રેનોમાં જોવા મળતી ભીડમાં ઘટાડો થશે.

ટ્રેન નંબર 09007 ઉધના દાનાપુર સ્પેશિયલ રવિવાર, 26 એપ્રિલ 2026 ના રોજ રાત્રે 01:30 કલાકે ઉધનાથી ઉપડશે અને બીજા દિવસે બપોરે 12:00 કલાકે દાનાપુર પહોંચશે. દાનાપુરથી પરતઃ ટ્રેન નંબર 09008 સોમવાર, 27 એપ્રિલ 2026 ના રોજ બપોરે 15:00 કલાકે દાનાપુરથી ઉપડશે અને બુધવારે રાત્રે 01:15 કલાકે ઉધના પરત આવશે. તેવી જ રીતે ટ્રેન ક્રમાંક 09021/09022 ઉધના દાનાપુર સ્પેશિયલ રવિવારે, 26 એપ્રિલ 2026 ના રોજ બપોરે 14:30 કલાકે ઉધનાથી ઉપડશે અને મંગળવારે રાત્રે 01:00 કલાકે દાનાપુર પહોંચશે.દાનાપુરથી પરતઃ ટ્રેન નંબર 09022 સોમવાર, 27 એપ્રિલ 2026 ના રોજ વહેલી સવારે 04:00 કલાકે દાનાપુરથી રવાના થશે અને મંગળવારે બપોરે 14:15 કલાકે ઉધના પહોંચશે.

સોશિયલ મીડિયા થકી સંપર્કમાં આવેલી કિશોરી સાથે અડપલાં

માતા-પિતાની સમજાવટ પછી પણ રોમિયોએ હરકત ચાલી રાખી હતી

કિશોરીને અજ્ઞાત સ્થળે લઇ ગયાની જાણ થતાં મામલો પોલીસમાં

સુરતઃશહેરમાં માસૂમ કિશોરીઓને પ્રેમજાળમાં ફસાવી તેમની મરજી વિરુદ્ધ કૃત્ય આચરતા નરાધમો સામે પોલીસ લાલઆંખ કરી રહી છે, તેમ છતાં આવા કિસ્સાઓ અટકવાનું નામ નથી લેતા. સુરતના કાપોદ્રા વિસ્તારમાં એક ૧૪ વર્ષીય કિશોરીને સોશિયલ મીડિયાના માધ્યમથી હેરાન પરેશાન કરી, તેનું અપહરણ કરી શારીરિક અડપલાં કરનાર પુણાગામના સચિન ભાર્ગવ નામના શખ્સ સામે કાપોદ્રા પોલીસે છેડતી અને અપહરણનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પુણાગામ વિસ્તારની અમરધામ સોસાયટીમાં રહેતો સચિન પામ ભાર્ગવ નામનો યુવક કાપોદ્રામાં રહેતી ધોરણ-૯માં અભ્યાસ કરતી કિશોરીના સંપર્કમાં આવ્યો હતો. સચિને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કિશોરીને મેસેજ કરી તેની સાથે મિત્રતા કેળવી હતી. જોકે, આ બાબતની જાણ કિશોરીના માતા-પિતાને થતા તેઓએ સચિનને ફોન પર કડક શબ્દોમાં સમજાવ્યો હતો અને પુત્રીને પણ સોશિયલ મીડિયાથી દૂર રહેવા તાકીદ કરી હતી. શરૂઆતમાં ડરના કારણે સચિને વાતચીત બંધ કરી દીધી હતી.છેલ્લા ત્રણ મહિનાથી આરોપી સચિને ફરીથી કિશોરીને ફોન અને મેસેજ કરી હેરાન કરવાનું શરૂ કર્યું હતું. કિશોરીના માતા-પિતાએ તેને વારંવાર સમજાવવા છતાં રોમિયોગીરીના રવાડે ચઢેલા સચિને પોતાની હરકતો ચાલુ રાખી હતી. ગત રોજ આરોપીએ કિશોરીને લાલચ આપી, ફોસલાવીને તેના વાલીના કાયદેસરના કબજામાંથી ફરવા લઈ જવાના બહાને અપહરણ કર્યું હતું.આરોપી સચિન કિશોરીને કોઈ સ્થળે લઈ ગયો હતો અને ત્યાં તેની ઈચ્છા વિરુદ્ધ શારીરિક અડપલાં કરી છેડતી કરી હતી. કિશોરીએ આ બાબતનો પ્રતિકાર કર્યો હતો, પરંતુ આરોપીએ તેને ધમકાવી હતી. ઘટના બાદ કિશોરીએ હિંમત ભેગી કરી ઘરે પહોંચી માતા-પિતાને આપવીતી કહી સંભળાવી હતી. પોતાની લાડકવાયી પુત્રી સાથે થયેલા અન્યાય બાદ માતા-પિતા તુરંત કાપોદ્રા પોલીસ મથકે પહોંચ્યા હતા.ભોગ બનનાર કિશોરીની માતાની ફરિયાદના આધારે પોલીસે સચિન પામ ભાર્ગવ વિરુદ્ધ આઈ.પી.સી. અને પોક્સો (POCSO) હેઠળ છેડતી અને અપહરણનો ગુનો દાખલ કર્યો છે. હાલ પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ઉમરેઠની પેટા ચૂંટણીમાં ૫૪.૪૩% જેટલું મતદાન થયું

ગાંધીનગરઃ ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે આજે ૨૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ અત્યંત ઉત્સાહભર્યા અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા સંપન્ન થઈ છે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા અમલમાં મૂકાયેલી 'ECINET' એપ પર પ્રિસાઈડિંગ અધિકારીઓ દ્વારા અપલોડ કરાયેલા ડેટા મુજબ, સાંજે પાંચ વાગ્યા સુધીમાં ઉમરેઠ બેઠક પર અંદાજિત ૫૪.૪૩% મતદાન નોંધાયું છે.

ભાજપના હર્ષદ ગોંવિદભાઈ પરમાર અને કોંગ્રેસના ભૃગુરાજસિંહ ચૌહાણ અને અપક્ષ સહિત છ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થઈ જવા પામ્યુ છે. આગામી તા.4થી મેના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે.

આ પેટાચૂંટણીમાં કુલ 306 મતદાન મથકો પર મતદાન યોજાયું હતું, જેમાં શહેરી વિસ્તારમાં 68 અને ગ્રામ્ય વિસ્તારમાં 238 મથકોનો સમાવેશ થાય છે. તમામ મથકો પર વેબકાસ્ટિંગ દ્વારા દેખરેખ રાખવામાં આવી હતી, જેથી પારદર્શિતા અને સુરક્ષા સુનિશ્ચિત થાય. મતદાન પહેલાં દરેક મથક પર EVM મશીનોનું મોક પોલ કરવામાં આવ્યું હતું, જેમાં ઉમેદવારોના એજન્ટોની હાજરી રહી હતી. ઉપરાંત, કેન્દ્રીય ચૂંટણી પંચની નવી પહેલ મુજબ પ્રિસાઈડિંગ અધિકારીઓ દ્વારા ECINET એપ પર મતદાન ડેટા અપલોડ કરવામાં આવ્યો હતો.ઉમરેઠ પેટાચૂંટણીમાં કુલ 2,45,623 મતદારો નોંધાયેલા હતા, જેમાં 1,26,545 પુરુષ, 1,19,072 મહિલા અને 6 અન્ય મતદારોનો સમાવેશ થાય છે.

આ ચૂંટણીમાં કુલ 6 ઉમેદવારો મેદાને છે. મતદાન પ્રક્રિયાને પારદર્શક બનાવવા માટે તમામ મથકો પર વેબકાસ્ટિંગની સુવિધા ઉપલબ્ધ કરાઈ હતી.

તલંગપુરમાં ત્રણ દિવસથી બીમાર યુવકે ફાંસો ખાધો

સુરત : સચિન તલંગપુરમાં ત્રણ દિવસથી બિમાર યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ ઉત્તરપ્રદેશના વતની રામનરેશ બાબુરામ નિશાદ (36 વર્ષ) મજુરી કામ કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. રામનરેશને ત્રણેક દિવસથી તાવ આવી રહ્યો હતો. જેથી તે કામ પર જતો ન હતો. દરમિયાન બુધવારે સાંજે 6:30 વાગ્યાના અરસામાં તેએ પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

અનુસંધાન ... પાના છેલ્લાનું

ખ્યાતિ કેજરીવાલ...

કાર્યવાહી હાથધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ, જ્યારે ખ્યાતિએ બેડરૂમમાં અંતિમ પગલું ભર્યું, ત્યારે તેનો પતિ અભિષેક કેજરીવાલ નીચે જ ઓફિસમાં હાજર હતો. છેલ્લા ત્રણ દિવસથી બીમારીનું બહાનુ ધરી ઘરેથી કામ કરતા પતિને ઉપરના માળે શું ચાલી રહ્યું છે તેની ભનક સુદ્ધાં ન આવી? સાંજે 5:30 વાગ્યા સુધી ખ્યાતિ રૂમની બહાર ન આવી ત્યાં સુધી પરિવાર કેમ અજાણ રહ્યો? આ તમામ પ્રશ્નો તપાસનો વિષય છે.

સામાન્ય રીતે શહેરમાં આપઘાતના અનેક બનાવો બનતા હોય છે, પરંતુ આ કેસમાં પોલીસે જે રીતે ઉતાવળે પ્રેસ કોન્ફરન્સ યોજી, તેનાથી અનેક ચર્ચાઓ જાગી છે. શું આ પ્રેસ કોન્ફરન્સ પાછળ કોઈને બચાવવાનો કે સત્ય પર પડદો પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે? બે કલાક સુધી પોલીસને મોબાઈલની તપાસમાં કંઈ જ ન મળ્યું તે વાત ગળે ઉતરે તેવી નથી. મોબાઈલને FSLમાં મોકલીને સંતોષ માનતી પોલીસ ખરેખર ઊંડાણપૂર્વક તપાસ કરવા માંગે છે કે કેમ? ખ્યાતિના માતા-પિતાએ પોલીસ સમક્ષ નિવેદનમાં હાલમાં કોઈ વિરોધ નોંધાવ્યો નથી અને પુત્રીના આપઘાતને લઈ ડિપ્રેશનમાં હોવાનું રટણ કર્યું છે. પોલીસે આ મામલે અન્ય પરિવારજનો અને મિત્ર વર્ગના નિવેદનો લેવાની કાર્યવાહી હાથધરી છે. પરંતુ સવાલ એ થાય છે કે, જે યુવતીના લગ્નને હજુ માત્ર બે મહિના થયા હોય, તે કયા સ્તરના ડિપ્રેશનમાં હતી કે તેને મોત વહાલું કરવું પડ્યું? શું આ ડિપ્રેશન પાછળ સાસરી પક્ષનું કોઈ દબાણ હતું કે અન્ય કોઈ કારણ?આ સમગ્ર પ્રકરણમાં કંઈક 'રંધાઈ' રહ્યું હોય તેમ સ્પષ્ટ જણાય છે. પોલીસે માત્ર નિવેદનો લઈને બેસી રહેવાને બદલે ખ્યાતિના અંતિમ કોલ ડિટેલ્સ અને સોશિયલ મીડિયા ચેટ્સની કડક તપાસ કરવી જોઈએ. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ આ મામલે દરમિયાનગીરી કરી સત્ય બહાર લાવવું જરૂરી છે, જેથી કોઈ વગદાર વ્યક્તિના દબાણમાં તપાસ ભટકી ન જાય.

વકીલો-બિલ્ડરોની...

બિલ્ડરો અને વેપારીઓ અસરગ્રસ્ત બન્યા છે. એક ટોપ ડાયમંડ વેપારીના આશરે ૭૫ લાખ રૂપિયા ફસાયા હોવાનું જાણવા મળે છે, જ્યારે બિલ્ડરો અને વકીલો મળીને આશરે કરોડો રૂપિયા જેટલી રકમ ગુમાવી બેઠા છે. આરોપી છેલ્લા ચાર દિવસથી ગાયબ છે, જેને કારણે પીડિતોમાં રોષ ફાટી નીકળ્યો છે. પીડિતોએ એકજૂથ થઈ પોલીસમાં લેખિત અરજી કરી કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

પીપોદરા કેનાલમાં...

કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. સોમવારે સરદાર પીપોદરા ખાતે અન્ય સાથી સાથે સેન્ટિંગ કામ કરવા માટે ગયો હતો. કામ પૂર્ણ કર્યા બાદ સાંજે 6 વાગ્યાના સુમારે સરદાર અન્ય ચાર સાથીમિત્રો સાથે ઘરે પરત આવવા માટે એક રિક્ષામાં બેઠા હતા. દરમિયાન પીપોદરા લિંડિયાત ગામ ભરવાડ વાસ પાસે રિક્ષા ચાલકે સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. જેથી રિક્ષા રસ્તાની સાઈડમાં ઉતરી ગઈ હતી અને પીપોદરા કેનાલમાં પલટી ખાઈ ગઈ હતી.

અકસ્માત બાદ ગામના લોકો દોડી આવ્યા હતા અને તત્કાલિક તેઓને કેનાલમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાં સરદાર કેનાલના પાણીમાં ડૂબી ગયો હતો અને રિક્ષા ચાલક સહિતના અન્ય પાંચેય લોકો ઈજાગ્રસ્ત થયો હતો. ગામના લોકોએ કેનાલમાં સરદારની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ તે મળ્યો ન હતો. જેથી સ્થાનિક પોલીસ અને ફાયરને પણ બનાવની જાણ કરવામાં આવતા તેઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. દરમિયાન બુધવારે બપોરે જહાંગીરપુરા-સરોલી બ્રીજની નીચેથી સરદારનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવને પગલે જહાંગીરપુરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અધૂરા માસે...

હોસ્પિટલના તબીબોએ વધુ સારવાર માટે તેને નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવાની સલાહ આપી હતી.૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે માસુમ બાળકીને સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં લાવવામાં આવી હતી. જેની સાથે માતા રામદાબેન, પિતા પંકજભાઈ અને દાદા કેમલુભાઈ ડામોર પણ આવ્યા હતા. સિવિલના તબીબોએ બાળકીને બચાવવા પૂરતા પ્રયાસો કર્યા હતા, પરંતુ કમનસીબે ટૂંકી સારવાર બાદ ફરજ પરના તબીબે બાળકીને મૃત જાહેર કરી હતી. તેને છોડીને તેના દાદા અને માતાપિતા ફરાર થઇ ગયા હતાં.

સચિનમાં જ્વેલરી...

આ સમગ્ર મામલે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) દ્વારા તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે અને સંકળાયેલા તત્વો સુધી પહોંચવા માટે સઘન કાર્યવાહી હાથ ધરાઈ છે.

DRIની પ્રાથમિક તપાસમાં આ રેકેટ કેવી રીતે કામ કરતું હતું તેની ચોંકાવનારી વિગતો સામે આવી છે.

बैंक ऑफ इंडिया Bank of India BOI

એસેટ રીકવરી શાખા સુરત : ૫મો માળ, બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, સુરત મેઈન શાખા, કણપીઠ લાલગેટ, સુરત ગુજરાત -૩૯૫૦૦૩. મો નં. : ૯૯૨૪૮૬૯૭૬૮

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકતોની ઈ-હરાજી વેચાણ નોટીસ

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ના રૂલ ૮(૬) સાથે વંચાણે લઈ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ જાહેર જનતા અને ખાસ કરીને નીચે દર્શાવેલ દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિક્યોર્ડ ક્રેડીટર્સને ગીરવે/ચાર્જ કરેલ કે જેનો **પ્રત્યક્ષ કબજો** બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ ક્રેડીટર્સ દ્વારા જે તે દેવાદાર અને જામીનદારોના બાકી રકમ માટે ઈ-હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. **નીચે સહી કરનાર દ્વારા નીચે જણાવેલ ઈ-હરાજી પ્લેટફોર્મથી વેચાણકરવામાં આવશે.**

ઈ-હરાજીની તા.૨૬.૦૫.૨૦૨૬ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી (ઓટો એક્સ્ટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવા પહેલા ૧૦ મિનીટના વધારા સાથે)

અ. નં.	શાખાનું નામ / દેવાદાર / જામીનદાર / માલિક / ભાગીદાર / મિલકતના ગીરવેદાર નું નામ	વેચાણ માટેની મિલકતનું વર્ણન	સરફેસી નોટીસ મુજબ બેંક ના લેણાંની વિગતો / કબજાનો પ્રકાર	ન્યુનતમ અનામત કિંમત(રૂ.માં) (૧૦% આર.પી) ઈએમડી (રૂ. માં)
૧	શ્રી હિતેશભાઈ ગોવિંદભાઈ મકવાણા શ્રીમતી પારૂલબેન હિતેશભાઈ મકવાણા શ્રી ઘેમરભાઈ મેઘરાજભાઈ ટત્તાર	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી જમીન કે જે 'ગોકુલધામ સોસાયટી નો પ્લોટ નં. ૮૩ માપ આશરે ૧૪૦ ચો.મી રે.સ.નં. ૨૨૮/૧ બ્લોક નં. ૨૩૪ પૈકી નવો સુધારેલો સર્વે નં. ૬૭૫ વાવ- જોખા રોડ, ગામ. જોખા, તા. કામરેજ, જી. સુરત-૩૯૪૩૨૬ ખાતે આ બિલ્ડીંગ ના તમામ સ્ટ્રક્ચર અને તેના પર બાંધવામાં આવેલ બાંધકામ સાથે આવેલ છે.	તા. ૦૨.૧૧.૨૦૧૯ રૂ.૪૦,૫૭,૭૨૩.૦૦ (અંકે રૂ.ચાલીસ લાખ સત્તાવન હજાર અને સાતસો ત્રેવીસ પુરા) વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે પ્રત્યક્ષ કબજો	રૂ. ૨૩,૫૩,૦૦૦ રૂ. ૨,૩૫,૩૦૦

ઈ-હરાજીની તા.૦૯.૦૬.૨૦૨૬ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી (ઓટો એક્સ્ટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવા પહેલા ૧૦ મિનીટના વધારા સાથે)

અ. નં.	શાખાનું નામ / દેવાદાર / જામીનદાર / માલિક / ભાગીદાર / મિલકતના ગીરવેદાર નું નામ	વેચાણ માટેની મિલકતનું વર્ણન	સરફેસી નોટીસ મુજબ બેંક ના લેણાંની વિગતો / કબજાનો પ્રકાર	ન્યુનતમ અનામત કિંમત(રૂ.માં) (૧૦% આર.પી) ઈએમડી (રૂ. માં)
૨	મેસર્સ ઓમ શાંતિ ટેક્ષટાઈલ શ્રી રવિન્દ્ર સીતારામ શર્મા	રે.સ.નં. ૧૪૮/૨, બ્લોક નં. ૧૫૭, એફ.પી નં. ૨૦/બી, ટી.પી.સ્કીમ નં. ૨૪ (મોટા વરાછા) સબ પ્લોટ નં. ૦૧, દુકાન નં. ૧૦૩, ૧લો માળ અનુપમ સ્કેવર, મહાદેવ ચોક નજીક, સેટેલાઈટ રોડ, મોટા વરાછા, સુરત સીટી- ૩૯૪૧૦૧ કારપેટ એરીયા માપ ૨૬૮.૪૦ ચો.ફુટ શ્રી રવિન્દ્ર સીતારામ શર્મા ના નામે આવેલ છે.	તા. ૦૧.૦૧.૨૦૨૦ રૂ.૭૪,૬૮,૧૦૯.૬૧ (અંકે રૂ.ચુમ્મોત્તેર લાખ અડસઠ હજાર એકસો નવ અને એકસઠ પૈસા પુરા) વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે પ્રત્યક્ષ કબજો	રૂ. ૨૦,૫૨,૦૦૦ રૂ. ૨,૦૫,૨૦૦

હરાજીમાં ભાગ લેતા પહેલા બીડરોએ મિલકત/તોનું સાઈટ પરનું માપ અને રેવન્યુ રેકર્ડ માં પણ માપ ચકાસી લેવાનું રહેશે.

નિયમો અને શરતો : (૧) સદર મિલકતની હરાજી 'જેમ છે તેમ' અને જ્યાં છે ત્યાં' અને ઓનલાઈન કરવામાં આવશે. (૨) બીડરે વધુ વિગતો, નિયમો અને શરતો ડાઉનલોડ કરવા કૃપા કરી (એ) https://www.bankofindia.bank.in ની મુલાકાત લેવી. (બી) અમારી ઈ-હરાજી સેવા આપનારી વેબસાઈટ https://baanknet.com અને https://baanknet.com ની મુલાકાત લઈ શકે છે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડીઓ ઉપલબ્ધ છે. બીડરો એ નીચેના સ્ટેપ બીડીંગમાં સારી રીતે પૂર્ણ કરવાના રહેશે. **સ્ટેપ ૧** : બીડર/ખરીદનાર નોંધણી : ઈ-ઓક્શન પ્લેટફોર્મ ઉપર નોંધણી કરનારે (ઉપર આપેલ લીંક) માં મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી નો ઉપયોગ કરવાનો રહેશે. **સ્ટેપ ૨** : કેવાયસી ખરાઈ : બીડરે જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા માટે, કેવાયસી દસ્તાવેજોની ચકાસણી ઈ-હરાજી સેવા આપનાર દ્વારા કરવામાં આવશે. (કાર્યકારી ૨ દિવસ લાગી શકે છે). **સ્ટેપ ૩** : બીડર ગ્લોબલ વોલેટ દ્વારા ઈએમડી રકમનું ટ્રાન્સફર, ઈ-હરાજી પ્લેટફોર્મ પર જનરેટ થયેલ ચલણનો ઉપયોગ કરીને એનઈએફટી ઈ-હરાજી પ્લેટફોર્મ ઓનલાઈન / ઓફ લાઈન ફંડનું ટ્રાન્સફર કરી શકાશે. **હરાજી ની તારીખ ના રોજ ના ૪ વાગ્યા પહેલા સ્ટેપ ૪** : બીડીંગ પ્રક્રિયા અને હરાજીના પરિણામો : રસ ધરાવનાર રજીસ્ટર્ડ બીડર ઓનલાઈન ઈ-હરાજી પ્લેટફોર્મ પર ૧, ૨ અને ૩ સ્ટેપ પૂર્ણ કર્યા પછી બીડીંગ કરી શકશે. અને બીડર્સને જાણ કરવામાં આવે છે કે ઈએમડી જમા કરવા પહેલા ઈ-હરાજીની તારીખ પહેલા સ્ટેપ ૧, ૨ અને ૩ સંપૂર્ણ રીતે પૂર્ણ કરવા પડશે. (૩) અધિકૃત અધિકારીની મહત્તમ જાણકારી અને માહિતી અનુસાર મિલકત પર અન્ય કોઈ બોજો નથી છતાં બીડરે બીડ કરતા પહેલા મિલકતના ટાઈટલ અને ક્લેઈમ / હક્ક / બાકી / બોજા અંગેની જાણકારી મેળવી લેવી. ઈ-હરાજીની જાહેર ખબર બેંક પ્રત્યેની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધીત્વ દર્શાવતી નથી કે દર્શાવતી હોઈ તેમ સમજી શકાશે નહી. મિલકતની હરાજી બેંક દ્વારા મિલકત ઉપરના હાલના તેમજ ભવિષ્યના જાણીતા કે અજાણ તમામ બોજા સહિત વેચવાની છે. અધિકૃત અધિકારી / સિક્યોર્ડ ક્રેડીટર્સ થર્ડ પાર્ટી ના ક્લેઈમ / રાઈટ્સ / વાંધા માટે જવાબદાર રહેશે નહી. (૪) **નિરીક્ષણ ની તારીખ અનુ નં. ૧ માટે તા. ૧૯.૦૫.૨૦૨૬ ના રોજ અને અનુ નં. ૨ માટે તા. ૦૨.૦૬.૨૦૨૬ ના રોજ સવારે ૧૧ થી ૪ વાગ્યા સુધી કરી શકાશે.** તે માટે સંબંધિત શાખાનો સંપર્ક કરવો. (૫) બીડ ફક્ત ઓનલાઈન દ્વારા જ રજૂ કરવી પડશે. (૬) બીડરોએ વેચાણની શરતો વાંચી અને સમજી છે અને તેના માટે બંધાયેલ છે એમ માનવામાં આવશે. (૭) સબમીટ કરવાની બીડ કિંમત અનામત કિંમતથી ઉપર રહેશે અને બીડર્સ તેમની બોલી **માટે રૂ. ૧૦,૦૦૦/-(રૂ. દસ હજાર)** ના ગુણાંકમાં કરવાની રહેશે. (૮) બીડ રજૂ કરતા પહેલા બીડરે મિલકતનું નિરીક્ષણ તેમજ મિલકત અંગેની તમામ જાણકારી મેળવી લેવી. (૯) સફળ બીડર્સની ઈએમડી રકમ વેચાણ પ્રક્રિયામાં જમા લેવામાં આવશે અને અસફળ બીડરોની ઈએમડી પરત કરવામાં આવશે. (૧૦) ઈએમડી પર વ્યાજ મળશે નહી અને સફળ થનાર બીડરે અધિકૃત અધિકારી દ્વારા બીડની કિંમત સ્વીકાર્યા બાદ તરત જ વેચાણ કિંમતનાં ૨૫% (ઈએમડી સાથે) જમા કરવાનાં રહેશે અને વેચાણ કિંમતની બાકીની રકમ (૭૫%) વેચાણ નક્કી થયાની તારીખથી ૧૫ દિવસ કે તે પહેલા જમાં કરવાનું રહેશે. સફળ બીડર્સ દ્વારા રકમ જમા કરવામાં કસુર (વિલંબ) થયે બીડરની જમા રકમ જપ્ત થશે અને મિલકત પુનઃ હરાજીમાં મુકાશે અને કસુરવાર બીડની રકમ બાબતમાં કોઈપણ દાવો / અધિકાર રહેશે નહી. (૧૧) કોઈપણ ઈન્ટરનેટ નેટવર્ક સમસ્યા / પાવર નિષ્ફળતા/ અન્ય કોઈ ટેકનીકલ ખામી નિષ્ફળતા વગેરે માટે અધિકૃત અધિકારી / બેંક કે ઈ-હરાજી સેવા આપનાર ને જવાબદાર ગણવામાં આવશે નહી. આથી આકસ્મિક પરિસ્થિતીને દૂર રાખવા માટે ઈચ્છુક બીડરોને વિનંતી કરવામાં આવે છે કે તેમણે ઈ-હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા માટે સંપૂર્ણ સજ્જ છે તે ચકાસી લેવું. (૧૨) ખરીદનારે લાગુ સ્ટેમ્પ ડયુટી / રજીસ્ટ્રેશન ફી / લાગુ પડતા સરકારી લેણાં જીએસટી અન્ય ચુકવણી અને કોઈપણ કાનુની / બીન કાનુની બાકી કર / આકારણી વેરો વગેરે ભરવો પડશે. (૧૩) અધિકૃત અધિકારી / બેંક ઉચ્ચતમ ઓફર સ્વીકારવા બંધાયેલ નથી અને તે હરાજીની કાર્યવાહી કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વિના તમામ ઓફરોને સ્વીકારવા કે નકારવા અથવા ઈ-હરાજી મુલતવી રાખવા/રદ કરવા અથવા તેની કોઈપણ મિલકત અથવા ભાગ પાછો ખેંચવા સંપૂર્ણ અધિકાર અને વિવેક ધરાવે છે. (૧૪) વેચાણ પ્રમાણપત્ર ફક્ત ખરીદનાર / અરજદારના નામે જારી કરવામાં આવશે અને અન્ય કોઈપણ નામે જારી કરવામાં આવશે નહી. (૧૫) વેચાણ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ એસ્સેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના અમલીકરણ હેઠળ નિયમો / શરતો ને આધિન રહેશે. વેચાણની શરતો પરની કોઈપણ વિગતો / પુછપરછ સંબંધિત શાખાના આપેલ સંપર્ક નંબરો પરથી મેળવી શકાશે. (૧૬) સરફેસી કાયદા મુજબ ઉપરોક્ત ખાતાના દેવાદાર / જામીનદાર / ગીરવેદાર ને **૩૦ દિવસ**ની નોટીસ દ્વારા ઉપરોકત તારીખે રાખેલ વેચાણ / હરાજીની જાણ કરવામાં આવેલ છે.

તા.૨૨.૦૪.૨૦૨૬ । સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડીયા, સુરત એસેટ રીકવરી શાખા, સુરત